# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)

ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૫

ફોન : (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ : (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫

www.spipa.gujarat.gov.in

SPIPA
Light the Lamp of Knowledge


સીધી ભરતીથી નિયુક્ત ગુજરાત
વહીવટી સેવા વર્ગ-૧(GAS) ની
પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા
તા.૦૪/૦૪/૨૨ થી તા.૦૫/૦૪/૨૨

પરિપત્ર ક્રમાંક:- સ્પીપા/ પરક્ષ/જીએએસ/૨૦૨૨/પ.પ્ર
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ
તા.૨૩/૦૩/૨૦૨૨

:પરિપત્ર:

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા દ્વારા સીધી ભરતીથી નિયુકત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા તા.૦૪/૦૪/૨૦૨૨ થી તા.૦૫/૦૪/૨૦૨૨ દરમ્યાન યોજવાનું નિયત કરવામાં આવેલ છે. પરીક્ષા માટે નિયત નમૂનાનું ફોર્મ (પરિશિષ્ટ-'ક') હાજરીપત્રક-કમ-ઓળખપત્ર (પરિશિષ્ટ-અ) તથા વિગતવાર કાર્યક્રમ (પરિશિષ્ટ-બ) આ સાથે સામેલ છે. જેની સંસ્થાકીય તથા ક્ષેત્રીય તાલીમ પૂર્ણ થયેલ હોય તેવા પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા પરીક્ષાર્થીએ નિયત નમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને સબંધિત વિભાગ/કચેરી મારફત તા.૨૯/૦૩/૨૦૨૨ સુધીમાં નાયબ નિયામકશ્રી (મહેસુલ)ને મળી જાય તે રીતે અરજી મોકલવાની રહેશે. નાયબ નિયામકશ્રી (મહેસુલ) દ્વારા જરૂરી ચકાસણી કરી તા.૩૦/૦૩/૨૦૨૨ સુધીમાં પરીક્ષાર્થીઓની વિગતો તથા કોડ રજીસ્ટર આ સંસ્થાની પરીક્ષા શાખાને મોકલવાનું રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

સંબંધિત વિભાગ/કચેરીઓના વડાઓએ તેમની કચેરીના સબંધિત અધિકારીઓને પરીક્ષાના કાર્યક્રમની જાણ કરવાની રહેશે. તેમજ પરીક્ષાની તારીખ દરમિયાન તેઓને ફરજમુકત કરવાની અને જો કોઈ અધિકારીની બદલી થયેલ હોય તો તેમની બદલીના સ્થળે પરીક્ષાના કાર્યક્રમની તાત્કાલિક જાણ કરવાની રહેશે. પરીક્ષાર્થીઓએ નિયત નમુનામાં (પરિશિષ્ટ-અ તથા બ) ફોટા સહિત હાજરીપત્રક સહ ઓળખપત્ર પરીક્ષાના દિવસે અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ :-

(૧) પરીક્ષામાં કુલ-૩ પ્રશ્નપત્રો છે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું અને વર્ણનાત્મક પ્રકારનુ રહેશે.
(૨) મૌખિક કસોટી ૧૦૦ માર્કસની રહેશે.(જેની તારીખ તથા વિગતવાર કાર્યક્રમ અલગથી જાહેર કરવામાં આવશે)

(૩) પ્રશ્નપત્ર તેમજ ઉત્તરવહી પર પરીક્ષાર્થીએ પોતાનો બેઠક નંબર તથા પેપર નંબર અવશ્ય લખવાનો રહેશે

(૪) પરીક્ષામાં મોબાઇલ તથા અન્ય વિજાણુ ઉપકરણોના ઉપયોગ પર પ્રતિબંધ છે જેની પરીક્ષાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૫) પ્રશ્નપત્ર-૧ થી ૩ તથા મૌખિક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક- જીએસ/૬૮/૮૦/જીએએસ-૧૨૭૮-જી૧ ના Appendix – III મુજબનો રહેશે.

નાયબ નિયામક(પરીક્ષા)
સ્પીપા, અમદાવાદ

બિડાણ: પરિશિષ્ટ-'અ', 'બ' અને 'ક'

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:-</u>

- કલેકટરશ્રી, (તમામ જિલ્લા )
- ઉપસચિવશ્રી(જી-૧ શાખા) સામાન્ય વહીવટ વિભાગ,નવા સચિવાલય ,ગાંધીનગર
- ઉપસચિવશ્રી(ડી-૧ શાખા) મહેસુલ વિભાગ,નવા સચિવાલય ,ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી (મહેસુલ) ,સ્પીપા અમદાવાદ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- સિલેક્ટ ફાઇલ

<u>પરિશિષ્ટ -"અ"</u>

<u>પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું ઓળખપત્ર</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થાનું નામ | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ | પરીક્ષાર્થી દ્વારા તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો અહીં ચોંટાડી તેની ઉપર કચેરીના વડા/અધિકારીની સહી કરાવવી |
| ૨ | પરીક્ષાનું નામ | સીધી ભરતીથી નિયુક્ત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ની<br>પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા મૌખિક કસોટી.<br>તા.૦૪/૦૪/૨૦૨૨ થી તા.૦૫/૦૪/૨૦૨૨ | |
| ૩ | પરીક્ષાનું સ્થળ | સ્પીપા, અમદાવાદ | |
| ૪ | પરીક્ષાર્થીનો બેઠક નંબર | | |
| ૫ | પરીક્ષાર્થીનુ પૂરૂ નામ અને હોદ્દો | | |
| ૬ | પરીક્ષાર્થીની કચેરીનું નામ/સરનામુ, ફોન નંબર | | |
| ૭(૧) | પરીક્ષાર્થીના ઘરનુ સરનામું, ફોન નંબર, મોબાઇલ નંબર | | |
| (૨) | આધારકાર્ડનો નંબર(આધારકાર્ડની નકલ સામેલ કરવી) | | |
| ૮ | પૂર્વસેવા તાલીમની વિગત.<br>(અ) તાલીમનો સમયગાળો<br>(બ) કેન્દ્ર | | |
| ૯ | પરીક્ષાર્થી અનુસુચિત જાતિ જનજાતિના ઉમેદવાર છે કે કેમ? | | |
| ૧૦ | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે તેની વિગત. | | |
| ૧૧ | મુક્તિ મળેલ હોય તો તેની વિગત(પરીક્ષાના જાહેરનામાની નકલ બીડવી) | | |
| ૧૨ | પરીક્ષાર્થી રહેમરાહે નિમણૂંક પામેલ વિધવા/આશ્રિત છે? જો, હા તો તે અંગે નીચે જણાવેલ વિગત સામેલ કરવી. (૧) નિમણૂંક્નો હુકમ (૨) પુન:લગ્ન કરેલ નથી તે અંગેનુ કચેરીનું પ્રમાણપત્ર | | |

વિભાગ/ કચેરીના વડાની સહી/સિક્કો

<u>પરિશિષ્ટ -"બ"</u>

સીધી ભરતીથી નિયુક્ત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષાનો કાર્યક્રમ
અને પરીક્ષાર્થીની હાજરીની વિગતો

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્ર | પરીક્ષા પધ્ધતિ | જવાબપોથીનો નંબર | પરીક્ષાર્થીની સહી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | તા.૦૪/૦૪/૨૦૨૨ | ૧૧-૦૦ થી ૧૪-૦૦ | પેપર-૧ (જાહેર વહીવટ અને સામાન્ય વહીવટી જ્ઞાન) | વર્ણનાત્મક (પુસ્તકો વગર) | | |
| ૨ | તા.૦૪/૦૪/૨૦૨૨ | ૧૫-૦૦ થી ૧૮-૦૦ | પેપર-૨ ભારતનું બંધારણ, ઓર્ગેનાઇઝેશન સેટઅપ-રાજ્યસરકાર (જિલ્લા વહીવટીતંત્ર સબંધિત બાબતો) | વર્ણનાત્મક (પુસ્તકો વગર) | | |
| ૩ | તા.૦૫/૦૪/૨૦૨૨ | ૧૧-૦૦ થી ૧૪-૦૦ | પેપર-૩ અગત્યની નીતિ, કલ્યાણકારી પગલા, વિકેન્દ્રીકરણ, ગ્રામ વિકાસ, કૃષિ ઉત્પાદન વગેરે બાબતો | વર્ણનાત્મક (પુસ્તકો વગર) | | |

નોંધ: (૧) જો કોઇ પ્રશ્નપત્રમાં પરીક્ષાર્થી ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ - ૬માં ગેરહાજર શબ્દ લખી કોલમ - ૭માં સહી કરવી.

(૨) જો કોઇ પ્રશ્નપત્રમાં મુક્તિ મળેલ હોય તો કયા પ્રશ્નપત્રમાં મુક્તિ મળેલ છે અને ક્યારે મુક્તિ મળી તે જણાવવું

| ક્રમ | મુક્તિ મળેલ પ્રશ્નપત્ર નો નંબર દર્શાવવો | પ્રશ્ન પત્રનો વિષય | મુક્તિ મળેલ હોય તે પરિણામના જાહેરનામાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

તા. ૧/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંક: ખતપ-૧૯૬૮/૬૯-ક થી નિયત કરેલ

## પરિશિષ્ટ – ક

## અરજી ફોર્મ

૨૦...... ના ...................... મહિનામાં લેવાનારી ........................................................................................................પૂર્વસેવા તાલીમાન્ત/ખાતાકીય પરીક્ષામાં બેસવા અંગેની અરજી

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરું નામ, (અટક પહેલાં લખવી) (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૨ | હોદ્દો, (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૩ | હાલમાં નોકરી કરતા હોય તે ખાતા/કચેરીનું નામ | |
| ૪ | જન્મતારીખ અને આ પરીક્ષા સમયે વય | |
| ૫ | નિમણૂંકની તારીખ અને નોકરીમાં કુલ વર્ષ (રાજ્યપત્રિત-બિન રાજ્યપત્રિત) | |
| ૬ | અગાઉની પરીક્ષામાં બેઠા છો કે કેમ? જો હા તો - | |
| | (ક) જે પરીક્ષામાં બેઠા હો તેનો મહિનો અને વર્ષ | |
| | (ખ) કંઇ મુક્તિ મેળવી છે કે કેમ? જો હા તો ગુણ પરીક્ષાનું વર્ષ અને વિષય અંગેની વિગતો જણાવો | |
| | (ગ) મેળવેલી મુક્તિનો લાભ લેવા ઇચ્છો છો કે કેમ? હા અથવા ના લખો. (અહી કરેલી પસંદગીને આખરી ગણવામાં આવશે અને તેમાં કંઇ ફેરફાર કરવાની છૂટ આપવામાં આવશે નહિ.) | |
| ૭ | જે અનુસાર પરીક્ષામાં બેસવાનું થતું હોય તે સત્તા અથવા નિયમ | |
| ૮ | જેમાં પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તક-સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા- તારીખ અને પાત્રતા પૂરી થયાની તારીખ જણાવવી | |
| ૯ | પૂરી થયેલી પ્રયાસ સંખ્યા | |
| ૧૦ | વધારાની (ખાસ) તક અપાઇ છે કે કેમ (જે અનુસાર વધારાની (ખાસ) તક અપાઇ હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ કરી તેની એક નકલ મોકલવી.) | |
| ૧૧ | વય અથવા નોકરીની મર્યાદામાં છૂટછાટ મૂકતા સત્તા ધરાવતા અધિકારીઓ હુકમ નંબર અને તારીખ (હુકમની નકલ મોકલવી) | |
| ૧૨ | પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. કાયમી રાખવું, સરકારી નોકરીમાં ચાલુ રહી શકવું કે બઢતી વગેરે) | |
| ૧૩ | ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં બેસવા પાત્ર છે કે કેમ? | |
| ૧૪ | શેરો, કઇ હોય તો. | |

સ્થળ : .....................................

તારીખ : .....................................

(પરીક્ષાર્થીની સહી)

## પાત્રતા પ્રમાણ

પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની વિગતો અંગે ખરાઇ કરવામાં આવી છે અને તે ખરી જણાઇ છે શ્રી ........................................................................ સન ...................................... માં લેવાનારી પરીક્ષામાં બેસતા માટે પાત્ર છે.

તારીખ :

(ખાતા/કચેરીના વડાની સહી અને હોદ્દો)